## સુરત મહાનગરપાલિકા

## ડ્રેનેજ વિભાગ

**–: રહેણાંક પ્રકારની બિલ્ડીંગ / યુનિટનાંગેરકાયદેસર ડ્રેનેજ કનેકશનને કાયદેસર કરવા માટેની યોજના :–**

સુરત મહાનગરપાલિકાની સાધારણ સભાના ઠરાવ નં.૨૩૫/૨૦૨૦, તા.૨૯/૦૬/૨૦૨૦ થી શહેર વિસ્તારમાં આવેલ રહેણાંક પ્રકારની બિલ્ડીંગો, સોસાયટીઓ અને એપાર્ટમેન્ટ તથા વ્યકિતગત રહેણાંક યુનિટ, ફલેટો ધ્વારા થયેલ/કરવામાં આવેલ ગેરકાયદેસર ડ્રેનેજ કનેકશનને રેગ્યુલર ડ્રેનેજ નેટવર્કમાં જોડાણ / ટ્રાન્સફર કરવા માટે શહેરની જનતા માટે લાભદાયી યોજના અમલમાં મૂકવામાં આવે છે. આ યોજનાનાં લાભની ટુંકી વિગત નીચે મુજબ છે.

(આ ઠરાવ www.suratmunicipal.gov.in-->Resolution-->General Board પર ઉપલબ્ધ છે.)

(૧) સુરત મહાનગરપાલિકાના આકારણી દફતરે તા.૩૧/૦૩/૨૦૨૦ સુધી નોંધાયેલ હોય તેવી રહેણાંક પ્રકારની બિલ્ડીંગોના અરજદાર ધ્વારા સ્વયંભુ રીતે તા.૩૧/૦૫/૨૦૨૧ સુધીમાં વ્યકિતગત ગેરકાયદેસર ડ્રેનેજ કનેકશન જાહેર કરી, વ્યકિતગત/સામુહિક ધોરણે સાદી અરજી સુરત મહાનગરપાલિકાના લાગત ઝોન ઓફિસમાં કરવાની રહેશે.

(૨) રહેણાંક પ્રકારના બિલ્ડીંગના વ્યકિતગત / સોસાયટીની મુખ્ય ડ્રેનેજ લાઈનનું *સ્ટ્રોર્મ વોટર ડ્રેઈન લાઈનમાં* કરવામાં આવેલ બિનઅધિકૃત કનેકશનને રેગ્યુલર ડ્રેનેજ નેટવર્કમાં ટ્રાન્સફર કરવા માટે સાધારણ સભાના ઠરાવ નં ૧/૨૦૧૮, તા.૨૯/૦૧/૨૦૧૮ ના પરિશિષ્ટ–બ માં નિયત કરવામાં આવેલ ડ્રેનેજ કનેકશન ચાર્જીસ થી ત્રણ ગણા વસુલ કરવાના બદલે સદર પરિશિષ્ટ–બ માં દર્શાવેલ પ્રવર્તમાન નાણાકીય વર્ષ મુજબના નિયત ડ્રેનેજ કનેકશન ચાર્જીસ વ્યકિતગત યુનિટ માટે વસુલાત કરવામાં આવશે.

(આ ઠરાવ www.suratmunicipal.gov.in-->Resolution-->General Board પર ઉપલબ્ધ છે.)

(૩) રહેણાંક પ્રકારના બિલ્ડીંગના વ્યકિતગત /સોસાયટીની મુખ્ય ડ્રેનેજ લાઈનનું *રેગ્યુલર ડ્રેનેજ નેટવર્કમાં* કરવામાં આવેલ બિનઅધિકૃત/ નોંધણી વગરના કનેકશનને કાયદેસર કરવા માટે સાધારણ સભાના ઠરાવ નં ૧/૨૦૧૮, તા.૨૯/૦૧/૨૦૧૮ ના પરિશિષ્ટ–બ માં નિયત કરવામાં આવેલ ડ્રેનેજ કનેકશન ચાર્જીસ થી ત્રણ ગણા વસુલ કરવાના બદલે સદર પરિશિષ્ટ–બ માં દર્શાવેલ પ્રવર્તમાન નાણાકીય વર્ષ મુજબના નિયત ડ્રેનેજ કનેકશન ચાર્જીસના ૫૦ % ચાર્જીસ વ્યકિતગત યુનિટ માટે વસુલાત કરવામાં આવશે.

(૪) આ કામગીરી સુરત મહાનગરપાલિકા ધ્વારા સ્વખર્ચે કરવામાં આવશે. જેમાં જરૂર જણાયે ત્યાં સીમ્પલ ચેમ્બર, મેનહોલ બનાવવાનું તથા કનેકશન લાઈન પણ નાંખવામાં આવશે.

(૫) વધુ વિગત માટે નજીકમાં આવેલ ઝોન ઓફિસનો સંપર્ક કરવાનો રહેશે.

(૬) તા.૩૧/૦૫/૨૦૨૧ બાદ આવા પ્રકારનાં ગેરકાયદેસર ડ્રેનેજ કનેકશનને કાયદેસર કરવા સાધારણ સભાના ઠરાવ નં ૧/૨૦૧૮, તા.૨૯/૦૧/૨૦૧૮ થી નિકકી થયેલ નીતિનો અમલ કરવામાં આવશે એટલે કે ઠરાવમાં નિર્દેશીત ડ્રેનેજ કનેકશન ચાર્જીસથી ત્રણ ગણા ચાર્જીસ વસુલ લેવામાં આવશે તથા રસ્તા ખોદાણ ચાર્જીસ વિગેરે પણ વસુલ લેવામાં આવશે. જેથી આ યોજનાનો મહત્તમ લાભ લેવા અનુરોધ કરવામાં આવે છે.

કમિશ્નર
સુરત મહાનગરપાલિકા

**સુરત મહાનગરપાલિકાની તા.૨૯-૬-૨૦૨૦ ના રોજ વિડીયો કોન્ફરન્સથી મળેલ માસિક સાધારણ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :-**

* * * * * *

સ્થાયી સમિતિ ઠરાવ નં.૪૬૦/૨૦૨૦ થી, સુરત મહાનગરપાલિકાના હદ વિસ્તારમાં આવેલી અનેક મિલ્કતોના ડ્રેનેજ અને પાણીના જોડાણો ગેરકાયદેસર રીતે જોડાયેલ હોવાનું જણાય છે આવા જોડાણો નિયમબધ્ધ થાય તે ઈચ્છનીય છે વળી વધુને વધુ નાગરિકો પોતાના ડ્રેનેજ/પાણીના જોડાણો નિયમબધ્ધ કરાવી શકે તે માટે હયાત પોલિસીને વધુ વ્યાપક અને સરળ બનાવવા જોગ જણાતી હોય મા.મેયરશ્રીની તા.૧૮-૬-૨૦૨૦ ની નોંધ નં.એમ.એન./૧૮ ના અનુસંધાનમાં સુરત મહાનગરપાલિકાના હદ વિસ્તારમાં આવેલ વિવિધ મિલકતોના ડ્રેનેજ અને પાણીના ગેરકાયદેસર કનેકશનો તા.૩૧-૫-૨૦૨૧ સુધી રેગ્યુલર કરવા અંગે નીચે જણાવેલ વિગતેની સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ મંજુરી આપવામાં આવેલ તેને બહાલી આપવામાં આવે છે.

**ડ્રેનેજ વિભાગ**

સુરત મહાનગરપાલિકાના આકારણી દફતરે તા.૩૧-૩-૨૦૨૦ સુધી નોંધાયેલ તમામ રહેણાંક પ્રકારની બિલ્ડીંગો ધ્વારા સ્ટ્રોર્મ વોટર ડ્રેઈન અને રેગ્યુલર ડ્રેનેજ નેટવર્કમાં કરવામાં આવેલ ગેરકાયદેસર ડ્રેનેજ કનેકશન/નોંધણી વગરના કનેકશનને રેગ્યુલર ડ્રેનેજ નેટવર્કમાં જોડાણ/ટ્રાન્સફર કરવાની અવધિ તા.૩૧-૫-૨૦૨૧ સુધી કરવાનું અને તે અન્વયે નીચે જણાવેલ મુદ્દા નં.(૧) થી (૧૦) અંગે નિર્ણય લેવાનું ઠરાવવામાં આવે છે.

(૧) સુરત મહાનગરપાલિકાના આકારણી દફતરે તા.૩૧-૩-૨૦૨૦ સુધી નોંધાયેલ હોય તેવી રહેણાંક પ્રકારની બિલ્ડીંગોના અરજદાર ધ્વારા સ્વયંભુ રીતે તા.૩૧-૫-૨૦૨૧ સુધીમાં વ્યકિતગત ગેરકાયદેસર ડ્રેનેજ કનેકશન જાહેર કરી, વ્યકિતગત/સામુહિક ધોરણે સાદી અરજી સુરત મહાનગરપાલિકાને કરવાની રહેશે.

(૨) રહેણાંક પ્રકારના બિલ્ડીંગના વ્યકિતગત/સોસાયટીની મુખ્ય ડ્રેનેજ લાઈનનું સ્ટ્રોર્મ વોટર ડ્રેઈન લાઈનમાં કરવામાં આવેલ બિનઅધિકૃત કનેકશનને રેગ્યુલર ડ્રેનેજ નેટવર્કમાં ટ્રાન્સફર કરવા માટે માસિક સાધારણ સભાના ઠરાવ નં.૧/૨૦૧૮, તા.૨૯-૧-૨૦૧૮ ના પરિશિષ્ટ-બ માં નિયત કરવામાં આવેલ ડ્રેનેજ કનેકશન ચાર્જથી ત્રણ ગણા વસુલ કરવાના બદલે સદર પરિશિષ્ટ-બ માં દર્શાવેલ પ્રવર્તમાન નાણાંકીય વર્ષ મુજબના નિયત ડ્રેનેજ કનેકશન ચાર્જ વ્યકિતગત યુનિટ માટે વસુલાત કરવી.

(૩) રહેણાંક પ્રકારના બિલ્ડીંગના વ્યકિતગત/સોસાયટીની મુખ્ય ડ્રેનેજલાઈનનું રેગ્યુલર ડ્રેનેજ નેટવર્કમાં કરવામાં આવેલ બિનઅધિકૃત/નોંધણી વગરના કનેકશનને કાયદેસર કરવા માટે માસિક સાધારણ સભાના ઠરાવ નં.૧/૨૦૧૮, તા.૨૯-૧-૨૦૧૮ ના પરિશિષ્ટ-બ માં નિયત કરવામાં આવેલ ડ્રેનેજ કનેકશન ચાર્જથી ત્રણ ગણા વસુલ કરવાના બદલે સદર પરિશિષ્ટ-બ માં દર્શાવેલ પ્રવર્તમાન નાણાંકીય વર્ષ મુજબના નિયત ડ્રેનેજ કનેકશન ચાર્જના ૫૦% ચાર્જ વ્યકિતગત યુનિટ માટે વસુલાત કરવી.

(૪) ઉકત મુદ્દા નં.(૨) અને (૩) માં જણાવ્યા મુજબની કામગીરી સુરત મહાનગરપાલિકાના ઝોન વિભાગ ધ્વારા કરવાની રહેશે. જે નીચે મુજબ છે.

- આ કામગીરી માટે જરૂર જણાયે ત્યાં સીમ્પલ ચેમ્બર, મેનહોલ બનાવવાનું તથા કનેકશન લાઈન નાંખવાની રહેશે. સદર કામગીરી સોસાયટીના રસ્તાઓ પર ડ્રેનેજ લાઈન નાંખવાના કામના પ્રવર્તમાન મંજુર યુનિટ રેઈટના ટેન્ડરના ભાવો મુજબ કરવાની રહેશે.
- આ કામગીરી માટે મંજુર યુનિટ રેઈટના ટેન્ડરના રેઈટમાં જો કોઈ આઈટમનો સમાવેશ થતો ન હોય, તેવા પ્રસંગોમાં તેવી એકસ્ટ્રા આઈટમ માટે પ્રવર્તમાન મંજુર યુનિટ રેઈટના એસ.ઓ.આર. મુજબ ડીસ્કાઉન્ટ/પ્રિમીયમ લાગુ કરીને જે તે સક્ષમ સત્તાની મંજુરીની મર્યાદામાં કામગીરી કરવાની રહેશે.
- આ કામગીરી માટે અરજદાર પાસેથી રસ્તા ખોદાણ-રીઈન્સ્ટેટમેન્ટ ચાર્જીસ લેવાના રહેશે નહી.
- સદર તમામ કામગીરી સુરત મહાનગરપાલિકાના ખર્ચે કરવાની રહેશે.
- પરંતુ, સોસાયટી/એપાર્ટમેન્ટના સ્વતંત્ર એકમોમાંથી નીકળતા સુએઝ વોટર ઘર/એપાર્ટમેન્ટના પાછળના ભાગ કે માર્જીનમાંથી હયાત સ્ટ્રોમ વોટર ડ્રેઈન લાઈન અથવા અન્ય કોઈ ગેરકાયદેસર વિકલ્પે નિકાલ થતો હોય તો યુનિટ ધારક ધ્વારા સ્વતંત્ર એકમમાંથી અથવા માર્જીનના ભાગમાંથી સોસાયટી/ટી.પી. રોડ પર આવેલ સીમ્પલ ચેમ્બર/મેનહોલ સુધી ડ્રેનેજ કનેકશન લાઈન પોતાના સ્વખર્ચે નાંખવાની રહેશે.

(૫) ઉકત બન્ને કિસ્સાઓમાં એ.સી.સી. પોલીમરીક પધ્ધતિથી બનાવેલ રસ્તા, માઈક્રોસરફેસીંગ કરેલ રસ્તા, બી.આર.ટી.એસ. રોડ વિગેરે તમામ પ્રકારના રસ્તાઓ જે ડીફેકટ લાયાબીલીટી પીરીયડમાં આવતા હોય તેવા કિસ્સાઓમાં જે તે ઝોનના વડાશ્રીની મંજુરી મેળવી રસ્તા ખોદાણ કરવાના રહેશે તથા તે અંગેનો કોઈપણ ચાર્જ આ ઠરાવ હેઠળ કનેકશન મેળવનાર યુનિટ ધારકો પાસે વસુલ લેવાનો રહેશે નહીં.

(૬) રહેણાંક પ્રકારના બિલ્ડીંગના વ્યક્તિગત/સોસાયટીની મુખ્ય ડ્રેનેજ લાઈનનું સ્ટ્રોર્મ વોટર ડ્રેઈન લાઈનમાં અથવા રેગ્યુલર ડ્રેનેજ નેટવર્કમાં જે તે સમયે કરવામાં આવેલ બિનઅધિકૃત કનેક્શનની થયેલ કામગીરી દરમ્યાનના વસુલ કરવા જોગ રસ્તા ખોદાણ ચાર્જીસ પણ પાછળની અસરથી "વેવ" (WAIVED) કરવાના રહેશે અને ગેરકાયદેસર ડ્રેનેજ કનેકશન/નોંધણી વગરના કનેકશનને રેગ્યુલર ડ્રેનેજ નેટવર્કમાં જોડાણ/ટ્રાન્સફર (કાયદેસર) કરવાના કિસ્સાઓમાં કોઈપણ પ્રિમિયમ વસુલ લેવાનું રહેશે નહી.

(૭) સુરત મહાનગરપાલિકાના આકારણી દફતરે "૨" અને "૬" કોડ ધરાવતા રહેણાંક યુનિટોના પાણીના કનેકશનો અધિકૃત હોય છે. આવા કિસ્સામાં સુરત મહાનગરપાલિકાની પોલીસી મુજબ સૌ પ્રથમ ડ્રેનેજ કનેકશન લેવુ પડે એટલે કે તાંત્રિક રીતે આ કોડ ધરાવતા રહેણાંક યુનિટોનું ડ્રેનેજ કનેકશન કાયદેસર ગણવાનું રહેશે તેમ છતાં જો "૨" અને "૬" કોડ ધરાવતા રહેણાંક યુનિટોનું કનેકશન સ્ટ્રોર્મ વોટર ડ્રેઈન લાઈનમાં જણાય તો આ ઠરાવની જોગવાઈ અનુસાર ચાર્જીસ લઈ સુરત મહાનગરપાલિકાના ખર્ચે ડ્રેનેજલાઈનમાં કનેકશન કરીને કાયદેસર કરી આપવાનું રહેશે

(૮) સોસાયટીના રોડ, ટી.પી. રોડ તથા અન્ય જાહેર રસ્તાઓ પર મુખ્ય ડ્રેનેજ નેટવર્ક ઉપલબ્ધ ન હોય તો એવા સંજોગોમાં બિનઅધિકૃત કનેકશનો અંગેની અરજી સ્વીકારવાની રહેશે અને પ્રર્વતમાન નિયમોનુસાર ટી.પી. રોડ, સોસાયટી રોડ તથા અન્ય જાહેર રસ્તાઓ પર જયારે ડ્રેનેજ નેટવર્ક ઉપલબ્ધ બનશે ત્યારે આ નીતિની સમયમર્યાદામાં આવેલ અરજીઓને આ ઠરાવના અમલ હેતુ ડ્રેનેજ કનેકશન ચાર્જીસ ભરવાના થશે.

(૯) આ ઠરાવ હેઠળ અરજી સ્વીકારવાની સમય મર્યાદા તા.૩૧–૫–૨૦૨૧ સુધીની રહેશે. ત્યારબાદ ગેરકાયદેસર ડ્રેનેજ કનેકશનોને કાયદેસર કરવા માટે માસિક સાધારણ સભાના મૂળ ઠરાવ નં.૧/૨૦૧૮, તા.૨૯–૧–૨૦૧૮ માં નિયત કરવામાં આવેલ નીતિનો અમલ કરવાનો રહેશે.

(૧૦) આ ઠરાવનો અમલ કરવા માટે નાગરિકોને જાગૃત કરવા માટે જાહેર નોટીસ પ્રસિધ્ધ કરવા મ્યુ.કમિશનરશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

## હાઈડ્રોલિક વિભાગ

સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં 'પ્રાથમિક સુવિધા પુરી પાડવા માટે બિલ્ડીંગ યુઝ સર્ટીફીકેટ/વસવાટની પરવાનગી વગરના ફકત રહેઠાણના બાંધકામો માટે પ્રિમિયમ વસુલ કરવાની 'કટ ઓફ ડેટ' લંબાવવાનું તેમજ ગેરકાયદેસર નળ જોડાણ કાયદેસર કરવા અંગેની ચોકકસ સમયમર્યાદા માટેની સ્કીમમાં સુધારો કરવા અંગે સામાન્ય સભા ઠરાવ નં.૧૯૯/૨૦૧૭, તા.૨૯–૪–૨૦૧૭ તથા પાણી પુરવઠાના નવા નળ જોડાણ આપવા અને ગેરકાયદેસર નળ જોડાણો રેગ્યુલરાઈઝ કરવા અંગે તેમજ સુરત શહેરમાં આવેલ જી.આઈ.ડી.સી. તેમજ શહેરના અન્ય વિસ્તારમાં આવેલ વોટર બેઈઝ ઔદ્યોગિક એકમો તેમજ નોન વોટર બેઈઝ ઔદ્યોગિક એકમો અને અન્ય કોમર્શીયલ મિલકતોમાં પણ સામાન્ય સભાના ઠરાવ નં.૨૯૭/૨૦૧૧, તા.૩૦–૫–૨૦૧૧ મુજબની જોગવાઈઓ યથાવત રાખીને નીચે મુજબ કટ ઓફ ડેઈટ લંબાવવા સહિતના સુધારા મંજુર કરવામાં આવે છે.'

(૧) કટ ઓફ ડેઈટ લંબાવવા બાબત :–

મિકલતદારની મિલકત આકારણી દફતરે તા.૩૧–૩–૨૦૧૬ બાદ દાખલ થયેલ હોય તેમજ જો સુરત મહાનગરપાલિકાની પાણી સુવિધા સ્થળ ઉપર મેળવેલ ન હોય અને તા.૩૧–૩–૨૦૧૬ ની કટ ઓફ ડેઈટને કારણે પાણીની પ્રાથમિક સુવિધા મેળવવાથી વંચિત રહી ગયા હોય તેવા મિલકતદારને સામાન્ય સભાના ઠરાવ નં.૨૫૭/૨૦૦૫, તા.૨૯–૩–૨૦૦૫ અનુસાર પ્રિમીયમની રકમ ડીપોઝીટ તરીકે વસુલ લઈ નળજોડાણ આપવા માટેની કટ ઓફ ડેઈટ તા.૩૧–૩–૨૦૧૬ પૂર્ણ થઈ ગયેલ હોય જે ઉકત કારણોસર રહેણાંક પ્રકારના (સ્વતંત્ર એકમ તથા પાર્કીંગ ફલોર સિવાયના મહત્તમ ૪ (ચાર) માળના ફલેટ/એપાર્ટમેન્ટ પ્રકારના બાંધકામોનો ઉપયોગ ફકત રહેઠાણ હેતુ માટે થતો હોય તેવા) પાણીના નળજોડાણ પ્રિમીયમ વસુલ લઈ (બિલ્ડીંગ યુઝ/વસવાટની પરવાનગી વગરના બાંધકામો) આપવા અંગેની કટ ઓફ ડેઈટ તા.૩૧–૩–૨૦૨૦ (એટલે કે તા.૩૧–૩–૨૦૨૦ સુધી આકારણી દફતરે દાખલ થયેલ મિલકત) સુધી લંબાવવાની મંજુરી આપવામાં આવે છે.

(૨) ગેરકાયદેસર/ભુતિયા નળ જોડાણોને કાયદેસર કરવા અંગેની સ્કીમ :–

સુરત મહાનગરપાલિકાના આકારણી દફતરે તા.૩૧–૩–૨૦૨૦ સુધી નોંધાયેલા તમામ રહેણાંક પ્રકારના બાંધકામો(સ્વતંત્ર એકમ તથા પાર્કીંગ ફલોર સિવાયના મહત્તમ ૪(ચાર) માળના ફલેટ/એપાર્ટમેન્ટ પ્રકારના બાંધકામોનો ઉપયોગ ફકત રહેઠાણ હેતુ માટે થતો હોય તેવા) ધ્વારા સુરત મહાનગરપાલિકાના પાણી પૂરવઠા નેટવર્કમાં કરવામાં આવેલ ગેરકાયદેસર (બિનઅધિકૃત) નળ જોડાણ/નોંધણી વગરના નળ જોડાણને નિયમિત /રેગ્યુલરાઈઝ કરવાની અવધિ તા.૩૧–૫–૨૦૨૧ સુધી કરવાનું અને તે અન્વયે નીચે જણાવેલ મુદ્દાઓ અંગે નિર્ણય લેવાનું ઠરાવવામાં આવે છે.

(અ) રહેણાંક પ્રકારના(સ્વતંત્ર એકમ તથા પાર્કીંગ ફ્લોર સિવાયના મહત્તમ ૪ (ચાર) માળના ફ્લેટ/એપાર્ટમેન્ટ પ્રકારના બાંધકામોનો ઉપયોગ ફક્ત રહેઠાણ હેતુ માટે થતો હોય તેવા) બાંધકામોના વપરાશકારો ધ્વારા સુરત મહાનગરપાલિકાના પાણી પુરવઠા નેટવર્ક/લાઈનોમાં કરવામાં આવનાર નવા નળ જોડાણો તેમજ કરવામાં આવેલ ગેરકાયદેસર/બિનઅધિકૃત/નોંધણી વગરના નળ જોડાણો નિયમિત/ રેગ્યુલરાઈઝ કરવા માટે સામાન્ય સભા ઠરાવ નં.૨/૨૦૧૮, તા.૨૯–૧–૨૦૧૮ ના પરિશિષ્ટ–અ માં નિયત કરવામાં આવેલ કનેકશન માટેના દરમાં આ ખાસ સ્કીમની જોગવાઈ અનુસાર ફક્ત ઘર વપરાશના નળજોડાણ માટે ૫૦% ઘટાડેલ દરે નીચે મુજબના પરિશિષ્ટ–૧ મુજબના કનેકશન માટેના દર આ ખાસ સ્કીમના અમલ સુધી વસુલ લેવાના રહેશે.

**સુધારેલ પરિશિષ્ટ–૧**
**કનેકશન માટેના દર**

| અ.નં. | જોડાણની વિગત | સામાન્ય સભા ઠરાવ નં.૨/૨૦૧૮, તા.૨૯–૧–૨૦૧૮ મુજબના ઘર વપરાશના નળજોડાણ માટેના હાલના અમલી દરો (રૂા.) | આ ખાસ સ્કીમ મુજબ ઘર વપરાશના નળજોડાણ માટે ૫૦% પ્રમાણે થતા વસુલાત કરવાના દરો (રૂા.) |
|---|---|---|---|
| ૧ | ૧/૨" વ્યાસ | ૪૦૦/– | ૨૦૦/– |
| ૨ | ૧" વ્યાસ | ૮૦૦/– | ૪૦૦/– |
| ૩ | ૧ ૧/૨" વ્યાસ | ૧૬૦૦/– | ૮૦૦/– |
| ૪ | ૨" વ્યાસ | ૩૨૦૦/– | ૧૬૦૦/– |

(બ) ઘર વપરાશના ગેરકાયદેસર નળ જોડાણ ધરાવનારાઓ પણ પાણીનો વપરાશ કરતા હોય તેવા કિસ્સામાં આકારણી દફતરે નોંધાયેલ ટેનામેન્ટ દીઠ વોટર ચાર્જ પણ વસુલ કરવાનો રહે છે પરંતુ ગેરકાયદેસર નળ જોડાણ કયારે કરાવ્યા હોય તેની કોઈ માહિતી કે પુરાવા મળતા નથી તેથી જે તે સમયે જે વોટર ચાર્જ અમલમાં હોય તે ૪ (ચાર) ગણા વોટર ચાર્જની જોગવાઈની જગ્યાએ આ ખાસ સ્કીમના અમલ દરમ્યાન ૨ (બે) ગણો વોટરચાર્જ અને દંડની રકમના હાલના અમલીદરની રકમના ૧૦% લેખે પરિશિષ્ટ–૨ મુજબ દંડ વસુલવાનો રહેશે.

### પરિશિષ્ટ–૨ (રહેણાંક માટે)

| અ.નં. | નળજોડાણની સાઈઝ | સામાન્ય સભા ઠરાવ નં.૨/૨૦૧૮ તા.૨૯–૧–૨૦૧૮ મુજબ હાલના ઘર વપરાશના નળજોડાણ માટેના અમલી દંડની રકમ (રૂા.) | આ ખાસ સ્કીમ મુજબ ઘર વપરાશના નળજોડાણ માટે ૧૦% પ્રમાણે થતી દંડની રકમ (રૂા.) |
|---|---|---|---|
| ૧ | ૧/૨" વ્યાસ | ૫૦૦૦/– | ૫૦૦/– |
| ૨ | ૧" વ્યાસ | ૨૦,૦૦૦/– | ૨,૦૦૦/– |
| ૩ | ૧ ૧/૨" વ્યાસ | ૪૦,૦૦૦/– | ૪,૦૦૦/– |
| ૪ | ૨" વ્યાસ | ૮૦,૦૦૦/– | ૮,૦૦૦/– |

વધુમાં નીચે જણાવેલ વધારાની જોગવાઈઓનો પણ અમલ કરવાનો રહેશે.

(A) સુરત મહાનગરપાલિકાના આકારણી દફતરે તા.૩૧–૩–૨૦૨૦ સુધી નોંધાયેલા હોય તેવા રહેણાંક પ્રકારના બાંધકામો (સ્વતંત્ર એકમ તથા પાર્કીંગ ફ્લોર સિવાયના મહત્તમ ૪ (ચાર) માળના ફ્લેટ/એપાર્ટમેન્ટ પ્રકારના બાંધકામોનો ઉપયોગ ફક્ત રહેઠાણ હેતુ માટે થતો હોય તેવા) ધ્વારા સુરત મહાનગરપાલિકાના પાણી પૂરવઠા નેટવર્કમાં કરવામાં આવેલ ગેરકાયદેસર (બિનઅધિકૃત)ના અરજદારો ધ્વારા સ્વયંભુ રીતે તા.૩૧–૫–૨૦૨૧ સુધીમાં વ્યકિતગત/સામુહિક ગેરકાયદેસર (બિનઅધિકૃત) નળ જોડાણ/નોંધણી વગરના નળ જોડાણો જાહેર કરી, વ્યકિતગત/સામુહિક ધોરણે સાદી અરજી સુરત મહાનગરપાલિકામાં કરવાની રહેશે.

(B) ગેરકાયદેસર નળજોડાણો નિયમબધ્ધ કરવાની કામગીરી માટે પ્રર્વતમાન રસ્તા ખોદાણ ચાર્જીસ અંગેના ઠરાવોમાં અંશતઃ સુધારો કરી અરજદાર પાસેથી રસ્તા ખોદાણ રી–ઈન્સ્ટેટ ચાર્જીસ લેવાનો રહેશે નહીં. જયારે નવા નળ જોડાણ માટે નિયમ અનુસાર રસ્તા ખોદાણ રી–ઈન્સ્ટેટ ચાર્જીસ વંસુલ લેવાનો રહેશે.

(C) ગેરકાયદેસર (બિનઅધિકૃત/નોંધણી વગરના) નળ જોડાણોને નિયમિત/ રેગ્યુલરાઈઝ કરતા અગાઉ જે તે નળ જોડાણની સંખ્યા અને સાઈઝ પ્રમાણે કનેકશન માટેના દર, જે તે મિલકતમાં આકારણી માપ વિસ્તાર મુજબ થતી વોટર ચાર્જની રકમ, જે તે મિલકતમાં આવેલ ઘર વપરાશના નળ જોડાણની સાઈઝ મુજબ દંડની રકમ, મિલ્કતના માપ વિસ્તાર પ્રમાણે સામાન્ય સભા ઠરાવ નં.૨૫૭/૨૦૦૫, તા.૨૯–૫–૨૦૦૫ મુજબ લાગુ પડતા કિસ્સામાં પ્રિમિયમની રકમ નીચે જણાવેલ પરિશિષ્ટ–૩ મુજબ લેવાની રહેશે.

63

## પરિશિષ્ટ—૩

### (સામાન્ય સભા ઠરાવ નં.૨૫૭/૨૦૦૫, તા.૨૯–૫–૨૦૦૫ મુજબ રહેણાંક મિલકતો માટે લાગુ પડતી પ્રિમીયમની રકમ)

| અ. નં. | બિલ્ડીંગનો પ્રકાર | બીલ્ટ–અપ વિસ્તાર | પ્રિમીયમના દર રૂા. |
|---|---|---|---|
| ૧ | સ્વતંત્ર એકમ | | |
| | | ૧) ૪૦ ચો.મી. સુધી | રૂા.૧,૦૦૦/– પ્રતિ યુનિટ |
| | | ૨) ૪૦ ચો.મી. થી વધુ અને ૬૦ ચો.મી. સુધી | રૂા.૨,૦૦૦/– પ્રતિ યુનિટ |
| | | ૩) ૬૦ ચો.મી. થી વધુ અને ૮૦ ચો.મી. સુધી | રૂા.૩,૦૦૦/– પ્રતિ યુનિટ |
| | | ૪) ૮૦ ચો.મી. થી વધુ અને ૧૦૦ ચો.મી. સુધી | રૂા.૪,૦૦૦/– પ્રતિ યુનિટ |
| | | ૫) ૧૦૦ ચો.મી. થી વધુ | રૂા.૫,૦૦૦/– પ્રતિ યુનિટ |
| ૨ | ફલેટ/ એપાર્ટમેન્ટ પ્રકારના બીલ્ડીંગ (ફક્ત પાર્કીંગ ફલોર સિવાય મહત્તમ ચાર માળ વાળા લો–રાઈઝ બીલ્ડીંગો માટે) | ૧) ૪૦ ચો.મી. સુધી | રૂા.૧,૦૦૦/– પ્રતિ યુનિટ |
| | | ૨) ૪૦ ચો.મી. થી વધુ અને ૬૦ ચો.મી. સુધી | રૂા.૨,૦૦૦/– પ્રતિ યુનિટ |
| | | ૩) ૬૦ ચો.મી. થી વધુ અને ૮૦ ચો.મી.. સુધી | રૂા.૩,૦૦૦/– પ્રતિ યુનિટ |
| | | ૪) ૮૦ ચો.મી. થી વધુ અને ૧૦૦ ચો.મી. સુધી | રૂા.૪,૦૦૦/– પ્રતિ યુનિટ |
| | | ૫) ૧૦૦ ચો.મી. થી વધુ | રૂા.૫,૦૦૦/– પ્રતિ યુનિટ |

(D) નળજોડાણ આપવા માટે સ્થળ સ્થિતિ અનુસાર જયાં સુધી ફીઝીબલ હોય ત્યાં સુધી સોસાયટીના આંતરીક રસ્તા પરથી નળજોડાણ આપવાના રહેશે પરંતુ જો તે મુજબ ફીઝીબલ ન હોય તેવા કિસ્સાઓમાં જે તે સાઈઝના નળજોડાણ માટે જો ટી.પી. રોડ ઉપરથી કનેકશન આપવામાં આવે તો પરિશિષ્ટ–૪ મુજબ લાગુ પડતા કિસ્સામાં અલગથી ટી.પી. રોડ ચાર્જ વસુલ કરવાનો રહેશે.

## પરિશિષ્ટ–૪ (ટી.પી. રોડ ચાર્જ)

| અ.નં. | નળજોડાણની સાઈઝ | રૂા. |
|---|---|---|
| ૧ | ૧/૨" વ્યાસ | ૨,૫૦૦/– |
| ૨ | ૧" વ્યાસ | ૩,૦૦૦/– |
| ૩ | ૧ ૧/૨" વ્યાસ | ૪,૦૦૦/– |
| ૪ | ૨" વ્યાસ | ૫,૦૦૦/– |

(E) ઉપરોક્ત નવા નળ જોડાણ આપવા તથા ગેરકાયદેસર નળ જોડાણોને નિયમબધ્ધ કરવાની કાર્યવાહી સુરત મહાનગરપાલિકાના સંબંધિત ઝોન ધ્વારા કરવાની રહેશે.

(F) ૨૪×૭ પાણી પુરવઠા યોજના સિવાયના વિસ્તારો માટે નીચે મુજબની ગાઈડલાઈનનો અમલ કરવાનો રહેશે.

(૧) અરજદાર ધ્વારા અરજીમાં દર્શાવેલ વિગતો પ્રમાણે જે તે મિલ્કતને અનુરૂપ હાલની પ્રવર્તમાન પ્રથા પ્રમાણેની સાઈઝનું નળ જોડાણ મંજુર/ નિયમબધ્ધ કરવાનું રહેશે.

(૨) અરજદાર ધ્વારા સ્થળ ઉપર કરવામાં આવેલ નળ જોડાણ/જોડાણોની સ્થળ ઉપર ખોદાણ કરીને ચકાસણી કરવાની રહેશે નહીં પરંતુ મિલ્કતની પ્લીન્થ પાસે/અન્ડર ગ્રાઉન્ડ/ઓવરહેડ ટાંકી વિગેરે ફીઝીબલ જગ્યાએ ચકાસણી કરી ખાત્રી કરી લેવાની રહેશે.

(૩) અરજદાર ધ્વારા નળ જોડાણ કરતી વખતે વાપરવામાં આવેલ જે તે માલસામાન જેવા કે જી.આઈ. પાઈપ, પી.વી.સી. પાઈપ, એમ.ડી.પી.ઈ., એચ.ડી.ઈ. પાઈપ – તેને સંલગ્ન ફીટીંગ વિગેરેની પણ ચકાસણી કર્યા વગર સ્થળ સ્થિતિ મુજબનું જે તે હાલતમાં ગેરકાયદેસર જોડાણ નિયમબધ્ધ કરી આપવાનું રહેશે.

(૪) સ્વતંત્ર એકમો/ગાળા ટાઈપ/બંગલા ટાઈપ માટે ટેનામેન્ટ નંબર દીઠ ૧ (એક) ગેરકાયદેસર નળ જોડાણ નિયમબધ્ધ કરવાનું રહેશે.

(૫) એપાર્ટમેન્ટસ માટે ફલેટની સંખ્યા પ્રમાણે થતી સાઈઝના વધુમાં વધુ ૨(બે) નળ જોડાણો આ ઠરાવમાં નિર્ધારીત કરેલ નીતિ નિયમ મુજબ નિયમબધ્ધ કરવાના રહેશે.

(G) સુરત મહાનગરપાલિકાની ૨૪×૭ ધોરણની પાણી પુરવઠા યોજના અન્વયે વખતો વખત થયેલ ઠરાવો તેમજ આ ઠરાવ થયેથી તેનો અમલ સાથોસાથ કરવાનો રહેશે તેમજ નીચે મુજબની વધારાની જોગવાઈઓ/ગાઈડલાઈન પણ લાગુ કરવાની રહેશે.

(૧) હાલની પ્રવર્તમાન પ્રથા પ્રમાણે નિયત ફોર્મમાં/નમુનામાં જરૂરી પુરાવાઓ સહિત અરજી કર્યેથી વોટર મીટર કનેકશન ચાર્જ (વોટર મીટર સહિતના એમ.ડી.પી.ઈ. કનેકશન માટે વપરાનાર માલસામાનનો ખર્ચ), કનેકશન માટેના દર, લાગુ પડતા કિસ્સામાં પ્રિમીયમની રકમ, રસ્તા ખોદાણ ચાર્જ, જો લાગુ પડતુ હોય તો– ટી.પી.રસ્તા ચાર્જ વિગેરે ભર્યેથી ૨૪×૭ મુજબનું નવુ નળ જોડાણ મંજુર કરાવ્યા બાદ નળ જોડાણ આપવાનું રહેશે.

(i) નવા નળજોડાણો માટે વસવાટની પરવાનગી/બિ.યુ.સી. હોય તો.... વોટર મીટર કનેકશન ચાર્જ (વોટર મીટર સહિતના એમ.ડી.પી.ઈ. કનેકશન માટે વપરાનાર માલસામાનનો ખર્ચ), કનેકશન માટેના દર, રસ્તાં ખોદાણ ચાર્જ, લાગુ પડતુ હોય તો ટી.પી. રસ્તા ચાર્જ વિગેરેને આધીન નવુ નળ જોડાણ આપી શકાશે.

(ii) નવા નળજોડાણો માટે વસવાટની પરવાનગી/બિ.યુ.સી. ન હોય તો.... તા.૩૧-૩-૨૦૨૦ ની કટ ઓફ ડેટ ધ્યાને લઈ ઉપરોકત ક્રમ નં.(૧)(i) માં દર્શાવેલ ચાર્જ મુજબ થતી કુલ રકમ ઉપરાંત પ્રિમીયમ ચાર્જીસ વધારાના વસુલ કરવાના રહેશે.

(iii) ગેરકાયદેસર નળ જોડાણ હોય તો... વોટર મીટર કનેકશન ચાર્જ (વોટર મીટર સહિતના એમ.ડી.પી.ઈ. કનેકશન માટે વપરાનાર માલસામાનનો ખર્ચ), કનેકશન માટેના દર, લાગુ પડતા કિસ્સામાં પ્રિમીયમની રકમ, જો લાગુ પડતુ હોય તો – ટી.પી. રસ્તા ચાર્જ તથા આ ઠરાવ મુજબ દંડ અને વોટર ચાર્જની રકમ વિગેરે વસુલવાની રહેશે. સદર કિસ્સામાં રસ્તા ખોદાણ ચાર્જ વસુલ કરવાનો રહેશે નહીં.

(૨) ગેરકાયદેસર/કાયદેસર નળ જોડાણો માટે સી.સી.રોડ/એ.સી.સી. રોડ/ ડામર રોડ વિગેરે હેઠળના જે તે રોડ ઉપર જો જુના ૨૪×૭ ધોરણના ગેરકાયદેસર/કાયદેસર કનેકશન હોય તો, વોટર મીટર બેસાડવાની કામગીરી દરમ્યાન રોડને નુકશાન ન થાય અને રોડની જાળવણીનો હેતુ ધ્યાને લઈ, તેને જે તે સ્થિતિમાં યથાવત રાખીને નિયમો અનુસાર રકમો ભરાવી નિયમબધ્ધ કરવાનું રહેશે તથા કાચા ભાગ, પેવર બ્લોક વિગેરે ભાગમાં નિયત કરેલ માલસામાનનો ઉપયોગ કરી વોટર મીટર લગાવવાની કામગીરી કરવાની રહેશે. સદર બંને કિસ્સામાં વપરાનાર માલસામાનનો ખર્ચ અરજદાર પાસેથી વસુલ કરવાનો રહેશે.

(૩) **સુરત શહેરમાં આવેલ જી.આઈ.ડી.સી. તેમજ અન્ય ઈન્ડસ્ટ્રીઝ/કોમર્શીયલ મિલ્કતોની કટ ઓફ ડેઈટ લંબાવવા બાબત:–**

સુરત શહેરમાં આવેલ જી.આઈ.ડી.સી. તેમજ શહેરના અન્ય વિસ્તારમાં આવેલ વોટર બેઈઝ ઈન્ડસ્ટ્રીઝ તેમજ નોન વોટર બેઈઝ ઔધોગિક એકમો અને અન્ય કોર્મશીયલ મિલ્કતોમાં પણ સામાન્ય સભાના ઠરાવ નં.૨૯૭/૨૦૧૧, તા.૩૦-૫-૨૦૧૧ ની જોગવાઈઓને આધીન જરૂરી વહીવટી પ્રક્રિયા પૂર્ણ કરી નળજોડાણ આપવાનું મંજુર કરવા મ્યુ.કમિશનરશ્રીને અધિકૃત કરવાનું તેમજ સદર જોગવાઈની કટ ઓફ ડેઈટ તા.૩૧-૩-૨૦૨૦ સુધી રાખવાનું મંજુર કરવામાં આવે છે.

(૪) સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં પાણીના નળ જોડાણ મેળવવા અંગે પાણી અને ડ્રેનેજ કનેકશન લેવાનું થતુ હોય તેવા કિસ્સામાં જો પહેલા ડ્રેનેજ કનેકશન લેવાનું થાય તેવા કિસ્સાઓમાં પ્રિમીયમ વસુલ લેવાનું રહેશે નહીં અને પાણીનું કનેકશન લેવાનું થાય ત્યારે જ સુરત મહાનગરપાલિકાએ પાણીના કનેકશન માટેનું પ્રિમીયમ વસુલવાનું રહેશે.

(૫) સુરત મહાનગરપાલિકાના આકારણી દફતરે વોટર કોડ "૨" અને "૬" કોડ ધરાવતા રહેણાંક યુનિટોના પાણીના કનેકશનો રેકર્ડ આધારિત અને અધિકૃત હોય છે. આવા કિસ્સામાં સુરત મહાનગરપાલિકાની પોલીસી મુજબ સૌ પ્રથમ ડ્રેનેજ કનેકશન લેવુ પડે એટલે કે તાંત્રિક રીતે આ વોટર કોડ ધરાવતા રહેણાંક યુનિટોનું ડ્રેનેજ કનેકશન કાયદેસર ગણવાનું રહેશે.

(૬) નવા નળ જોડાણ મેળવવા માટે અથવા ગેરકાયદેસર નળ જોડાણો રેગ્યુલાઈઝ કરવા માટે આવતી અરજીઓ સાથે ડ્રેનેજ જોડાણના પુરાવા રજુ કરાવવાના રહેશે. જો આવા રહેણાંક યુનિટ ધારકો ધ્વારા ડ્રેનેજ જોડાણના પુરાવા રજુ ન કરી શકાય અને/અથવા ડ્રેનેજ કનેકશન સ્ટ્રોર્મ ડ્રેઈન લાઈનમાં/રેગ્યુલર ડ્રેનેજ લાઈનમાં જણાય આવે તો આવા ડ્રેનેજ કનેકશનોને નિયમબધ્ધ (કાયદેસર) કરવા અંગેની આ ઠરાવમાં દર્શાવેલ જોગવાઈઓ મુજબ તેને પ્રથમ કાયદેસર કરવાનું રહેશે. સદર બાબતે નવુ/ગેરકાયદેસર નળ જોડાણ નિયમબધ્ધ કરવા માટે કરવામાં આવતી અરજી સાથે ડ્રેનેજ કનેકશન ચાર્જની રસીદની નકલ રજુ કરવાની રહેશે. ત્યારબાદ પાણીનું નવુ જોડાણ આપવાનું/બિનઅધિકૃત નળ જોડાણ નિયમબધ્ધ કરવાનું રહેશે.

(૭) આ ઠરાવના અમલની તા.૩૧–૫–૨૦૨૧ સુધીની રહેશે અને આ ઠરાવમાં દર્શાવેલ રાહતોનો લાભ તા.૩૧–૫–૨૦૨૧ બાદ આપોઆપ રદ થયેલ ગણાશે.

(૮) આ ઠરાવનો અમલ કરવા માટે નાગરિકોને જાગૃત કરવા માટે જાહેર નોટીસ પ્રસિધ્ધ કરવા મ્યુ.કમિશનરશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

(૯) અગાઉ થયેલ ઠરાવોની જોગવાઈઓ આ ઠરાવમાં સામેલ કરવામાં આવેલ હોવાથી નીચે જણાવેલ ઠરાવો રદ કરવામાં આવે છે.

(૧) સામાન્ય સભા ઠરાવ નં.૧૯૭/૧૯૯૭, તા.૩૦–૫–૧૯૯૭.

(૨) સામાન્ય સભા ઠરાવ નં.૧૨૩૪/૨૦૧૪, તા.૧૮–૧૦–૨૦૧૪.

(૩) સામાન્ય સભા ઠરાવ નં.૧૨૬૨/૨૦૧૫, તા.૩૧–૮–૨૦૧૫.

**ઠરાવ નં.૨૩૫/૨૦૨૦ સર્વાનુમતે મંજુર.**

==================================

**સ.ર.મ્યુ.કમિશનરશ્રી પ્રતિ,**

**સેક્રેટરી,**
**સુરત મહાનગરપાલિકા,**
**તા.૦૧–૭–૨૦૨૦.**

Jariwala Mukesh R.

ચોલીસી ફાઇલ નંબર ૨ ૪ — C29

**Received On**
**Dt.** 1-7-2020
**નં. સી.સા.સ./ઠ/** ૬૪૩
**તા.** ૨/૭/૨૦૨૦

**DNG/IN/No.** 5/96
તા. 05/7/2020